જર્જરીત આંગણવાડીનાં મકાન સામે નવા
આંગણવાડીના મકાનો બનાવવા માટે
મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૬/૧૨૧૪/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪-૬-૨૦૧૬

સંદર્ભ:-

(૧) મ. અને બા. વિ. વિભાગ ના તા.૩૦-૬-૨૦૧૨ના ઠરાવ ક્ર:આઇસીડી-૧૧૨૦૧૨-૧૨૯૧-બ

(૨) મ. અને બા. વિ. વિભાગ ના તા.૨૯-૪-૨૦૧૩ના ઠરાવ ક્ર:આઇસીડી-૧૧૨૦૧૩-૪૦૫-બ

(૩) કમિ.શ્રી, મ. અને બા. વિ. ની કચેરી નો તા.૧૮/૫/૨૦૧૬ નો પત્ર ક્ર:આઇસીડીએસ/જર્જરીત સામે નવી આં.વાડી બાંધકામ-માપદંડ-દરખાસ્ત-મંજુરી-૧૬/ ૨૦૦૧૯

ઠરાવ:-

સંદર્ભ (૧) અન્વયે આંગણવાડી કેંદ્રોના મકાન બાંધકામ માટે યુનિટ દીઠ બાંધકામ કિંમત રૂ.૩.૯૪,૬૫૦/- થી વધારી રૂ.૫,૦૦,૦૦૦/- કરવામા આવેલ. સંદર્ભ (૨) અન્વયે રાજ્યની જર્જરીત ૧૬૬ આંગણવાડી કેંદ્રોને ડિમોલીશ કરી બાંધકામ કરવા નવી સેવા વર્ષ ૨૦૧૩-૧૪ દ્વારા મંજુરી આપવામાં આવેલ. સંદર્ભ (૩) આગળના કમિ.શ્રી, મ. અને બા. વિ. ની કચેરી ના તા.૧૮/૫/૨૦૧૬ ના પત્રથી જર્જરીત આંગણવાડીનાં મકાન સામે નવા આંગણવાડીના મકાનો બનાવવા અંગેના માપદંડો નક્કી કરવા દરખાસ્ત રજુ કરેલ હતી.

જર્જરીત આંગણવાડીનાં મકાન સામે નવા આંગણવાડીના મકાનો બનાવવા અંગે નીચે જણાવેલી શરતોની આધીન મંજુરી આપવામાંઆવે છે.

શરતો:

૧) રાજ્યમાં જ્યારે પૂર, ધરતીકંપ જેવી હોનારતમાં આંગણવાડીના મકાનમાં તીરાડ પડવી, ધાબા લીકેજ, પાયો બેસી જવો, સળીયા ખવાઇ જવાથી ધાબાની છત તુટી જવી, મકાન બનાવ્યા પછી તે મકાનની આયુષ્ય મર્યાદા પૂરી થઇ ગઇ હોય, આવા કારણોસર આંગણવાડીના મકાન નવા બનાવવા આવશ્યક હોય, તેવા જર્જરીત થયેલા આંગણવાડીના મકાનો સામે નવા આંગણવાડીના મકાનો બનાવવા.

૨) હયાત જર્જરીત આંગણવાડીના મકાનને જમીનદોસ્ત કરવાની અનુમતિ સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ આપવાની રહેશે. આ મંજુરી આપતાં પહેલા સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ કાર્યપાલક ઇજનેરશ્રી (મ. અને મ.) માર્ફતે સ્થળની મુલાકત લઇ આંગણવાડીનું મકાન જર્જરીત

કમિ. શ્રી મ. અને બા. વિ.
ગાંધીનગર.
આવક નં....
તારીખ...૨૭/૬/૧૬

૮૯

છે તેવું સંયુક્ત પ્રમાણપત્ર જીલ્લા વિકાસ અધિકારીશ્રી અને કાર્યપાલક ઇજનેરશ્રી (માર્ગ અને મકાન) ની સહીથી આપવાનું રહેશે.

૩) જર્જરીત આંગણવાડીના મકાનની સંબંધિત અધિકાર ધરાવતા સક્ષમ અધિકારી મારફતે અપસેટ પ્રાઇઝ પ્રથમ તબક્કે નક્કી કરવાની રહેશે.

૪) આંગણવાડી કેંદ્રના જર્જરીત મકાનને જમીન દોસ્ત કરતા પહેલા હયાત મકાનના જુદા જુદા એંગલેથી ફોટોગ્રાફ પાડીને સીડીપીઓની ઘટક કચેરી તથા જીલ્લા પંચાયતના રેકર્ડમાં અચૂકપણે રાખવાના રહેશે.

૫) જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ ત્યારબાદ સંબંધિત જીલ્લાને આ સંદર્ભમાં ફાળવેલ નાણાંકીય રકમને ધ્યાને રાખીને અગ્રતાક્રમ મુજબ દરેક વર્ષે આવી આંગણવાડી કેંદ્રોના મકાન બનાવવાની મંજુરી આપવાની રહેશે.

૬) સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ આવી મંજુરી મળ્યા બાદ જે તે જીલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રી (માર્ગ અને મકાન) એ આવા જર્જરીત થયેલા આંગણવાડીનાં મકાનને જમાનદોસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે તેમજ તેના કાટમાળનો જાહેર હરાજીથી નિયત કરેલ પધ્ધતિથી નિકાલ કરવાનો રહેશે.

૭) આવી જર્જરીત આંગણવાડીનાં કાટમાળથી ઉપજેલ રકમમાંથી મકાન જમીન દોસ્ત કરવાનો ખર્ચ કરતાં બાકી રહેતી ચોખ્ખી ઉપજ નવી આંગણવાડીની આવાસની યુનિટ કોસ્ટની કિંમત સામે સરભર કરવાની રહેશે.

૮) આવા નવા બનનાર આંગણવાડીના મકાન આવાસ આ વિભાગની જોગવાઇ મુજબ નિયત ટાઇપ ડીઝાઇન અને નિયત રકમની મર્યાદામાં બાંધવાના રહેશે.

૯) પ્રસ્તુત કામો ટેંડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ તા. ૨૨-૧૧-૨૦૦૬ અન્વયે ઇ ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.જી. પાટડીયા)
ઉપ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,
- માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦ , ડૉ.જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.

Scanned with CamScanner